# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૬/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા 'એવરી કલાઉડ હેઝ અ સિલ્વર લાઇન – લેટ્સ પ્રિપેર અવરસેલ્વ્ઝ ફોર બ્રાઇટ ટુમોરો' વિશે વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આજે સાંજે ૫:૦૦ કલાકે 'એવરી કલાઉડ હેઝ અ સિલ્વર લાઇન – લેટ્સ પ્રિપેર અવરસેલ્વ્ઝ ફોર બ્રાઇટ ટુમોરો' વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે થીન્ક એન્ડ ગ્રો રીચ એક્ષ્પર્ટ શ્રી સિદ્ધાર્થ શાહે થોટ પ્રોસેસ વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ. તેમણે કોરોનાની ગભરાટમાંથી બહાર નીકળીને બધાને નવું વિચારવા માટે મોટીવેટ કર્યા હતા.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ જણાવ્યુ હતુ કે, ચેમ્બર દ્વારા ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી સાથેના જુદા–જુદા વિષયો ઉપર વેબીનારનું આયોજન કરી ઉદ્યોગકારો સુધી ઉદ્યોગલક્ષી માહિતી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે. તદુપરાંત ડિજીટલ પ્લેટફોર્મની મદદથી લોકોને વિવિધ વિષયો અંગે માહિતીગાર કરી મોટીવેટ પણ કરવામાં આવી રહયાં છે.

શ્રી સિદ્ધાર્થ શાહે જણાવ્યુ હતુ કે, કોરોનાની પરિસ્થિતિમાં હવે કોઇ ગરીબ કે શ્રીમંત રહયું નથી. આપણે બધા એકસમાન દેખાઇ રહયાં છે. કારણ કે લોકડાઉનને કારણે બધા જ ઘરોમાં સુરક્ષિત બેસી ગયા છે. કદાચ આપણે એક સમાનતાથી એકબીજા સાથે વર્તીશું તો આખું વિશ્વ બદલાઇ જશે.

થોટ પ્રોસેસ વિશે સમજણ આપતા તેમણે જણાવ્યુ હતુ કે, તમારો દરેક વિચાર ખૂબ જ મહત્વનો હોય છે. તમારી ફિલીગ્સ કેવી છે એને તમે તમારા વિચારો સાથે કઈ રીતે જોડો છો તે પણ મહત્વનું છે. વિચાર અને ફિલીગ્સ બંને સારી છે છતાં એનામાં એકશન જરૂરી છે. જો એકશન ઝીરો હશે તો તમે કશું જ નહીં કરી શકશો. આથી આ ત્રણેય બાબતને સાંકળ્યા બાદ જ સારો એટીટયુટ બને છે. લોકો કહે છે કે આના પછી વિનાશ થવાનો છે પણ હું એવુ માનું છું કે આનાથી એક નવી શરૂઆત થશે.

તેમણે વધુમાં કહયુ કે, જીવનના ગોલને સફળતા સુધી પહોંચાડવા માટે તમારી સાધારણ ઇચ્છાને જ્વલંત ઇચ્છા બનાવવી પડશે. એના માટે હેતુ ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. તમારા ગોલમાં હેતુને સામેલ કરશો ત્યારે તમે સફળ થઇ શકશો. કોરોનાની પ્રવર્તમાન સ્થિતિમાં મોટાભાગના લોકો પોતાના ગોલ બદલી નાંખશે. મારા મતે આ ખોટુ થઇ રહયું છે. જીવનમાં કન્ટ્રોલ માટે કેટલીક વસ્તુને સ્થિર કરો પણ તમારા ગોલને ચેન્જ નહી કરો, ભલે એકશનમાં થોડો બદલાવ લાવશો તો ચાલશે.

શ્રી શાહે વધુમાં કહયુ કે, આપણા જીવનમાં રોજબરોજની જરૂરિયાતની ચીજવસ્તુને બીજું સ્થાન મળી ગયુ હતુ. કારણ કે બધા લોકો મોંઘી વસ્તુઓ તથા લકઝરીયસ ચીજવસ્તુઓને જ મહત્વ આપતા થઇ ગયા હતા, પરંતુ કોરોના વાયરસે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું મહત્વ ફરીથી વધારી દીધું છે. લકઝરીયસ ચીજવસ્તુઓ વગર આપણે જીવી શકીશું પણ કદાચ જીવન જરૂરિયાતની વસ્તુઓ વગર જીવન જીવવાનો વિચાર પણ નહીં કરી શકાય. આપણા બધા માટે આ ક્ષણ રિમાઇન્ડર છે.

મને લાગે છે કે હયુમન બિઇંગ બદલાશે નહીં પણ તેમના મોટીવ બદલાવવાની શકયતા દેખાય છે. આના પહેલાં પણ લાઇફ અસુરક્ષિત હતી. આથી તમારા પ્લાનને ચોંટી રહો, તમારા મગજમાં જે પહેલો આઇડીયા આવે છે તેને સાર્થક કરવા માટે મંડી પડો. કોરોનાની ગભરાટથી બહાર નીકળીને નવુ કંઇ વિચારો. આના પછી ઘણી તકો મળશે. કરીયરમાં ડિજીટલનું ફયુચર નથી એવુ વિચારનારા લોકો હવે ડિજીટલ પ્લેટફોર્મ ઉપર આવી ગયા છે. કદાચ ઓનલાઇન સિસ્ટમના ઉપયોગ વગર તમે રહી નહી શકો એવી સ્થિતિનું નિર્માણ થશે.

ચેમ્બરના સભ્ય શ્રી અનિલ જેત્વાનીએ કુશળતાપૂર્વક વેબીનારનું સંચાલન કર્યુ હતુ. ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. વેબીનારમાં સુરત ઉપરાંત વિવિધ શહેરોમાંથી ૧૦૫થી વધુ લોકોએ ભાગ લીધો હતો અને ખૂબ જ સારો પ્રતિભાવ તેમનો જોવા મળ્યો હતો. અંતે ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.